BAOU Education for All
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
A Refereed and Peer-Reviewed International e-Journal of Humanities and Social Sciences
Website: http://jyotirmay.baou.edu.in/chaitanya/ Email: chaitanya.ejournal@baou.edu.in
|| चैतन्य || CHAITANYA
ISSN: 2582 2802
Year–06, Volume –06, Issue–04, December–2025

# ગુજરાતનું લોકનાટ્ય ભવાઈ: સ્વરૂપગત વિશેષતાઓ

**– ડૉ. મહેશ પ્રજાપતિ**

**સારાંશ:**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રાગ્-નરસિંહયુગમાં રાસ, ફાગુ, બારમાસી, પ્રબંધ જેવા સાહિત્ય સ્વરૂપોની જેમ ભવાઇનું સ્વરૂપ પણ ખાસ્સું પ્રચલિત થયું હતું. ભવાઇની શરૂઆત સિદ્ધપુરના ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણકુળમાં જન્મેલા કવિ-કથાકાર અસાઇત ઠાકરે કરી હતી. ચૌદમી સદીમાં ગુજરાતના પ્રદેશોમાં પ્રચલિત નાટ્યપ્રકારોમાંથી પ્રેરણા મેળવી અસાઇતે એક નવા નાટ્યપ્રકાર-ભવાઇનું સર્જન કર્યું હતું. ભવાઇનું વાચિક ગેય પદ્યમાં તેમજ ગદ્યમાં પણ હોય છે. અસાઇત ઠાકરે આશરે ૩૬૦ ભવાઇ વેશ લખ્યાની લોકવાયકા છે. ભવાઈ લોકનાટકનો ગુજરાતી પ્રકાર છે. લોકસાહિત્ય અને લોકસંગીતની જેમ આ લોકનાટ્ય- લોકકલાનો પ્રકાર છે. આથી તેના વિષયવસ્તુ (વેશ) અને નાટ્યરીતિમાં લોકકલાના લક્ષણો પ્રાપ્ત થયા છે. ભારતનાં અન્ય પ્રદેશોમાં પ્રાપ્ત થતા લોકનાટ્યનાં પ્રકારો મહારાષ્ટ્રના તમાશો, ઉત્તરપ્રદેશમાં જાત્રા, પંજાબ-હરિયાણામાં નવટંકી, બંગાળમાં સ્વાંગ, આન્ધ્રપ્રદેશમાં યક્ષજ્ઞાન ને તમિલનાડુમાં તેરકટૂને અને કઈક અંશે કેરળના ચક્યારની જેમ ભવાઈએ ગુજરાતનો વિશિષ્ટ લોકનાટ્ય- પ્રકાર રહ્યો છે. એટલું જ નહીં તેની એક ચોક્કસ પરંપરા સ્થપાઇ છે. પરિણામે કેટલાંક પરંપરા મિશ્રિત લક્ષણો નક્કી થયેલા છે. ભવાઈમાં કેટલાક વિશિષ્ટ શબ્દો વપરાય છે, જે એનું સ્વરૂપ સમજવામાં સહાયક નીવડે છે.

**ચાવીરૂપ શબ્દો:** પ્રાગ્-નરસિંહયુગ, ભવાઇ, લોકનાટક, વાચિક, લોકકલા, નાટ્યરીતિ, મનોરંજન, લોકશિક્ષણ

**પ્રસ્તાવના:**

'ભવાઈ' શબ્દની જુદી જુદી વ્યુત્પત્તિઓ કરવામાં આવી છે. 'ભવ' શબ્દ ઉપરથી 'ભવાઈ' શબ્દ આવ્યો છે. ભવની વહી તે ભવાઈ. કોઈ વળી 'ભાવ' શબ્દ સાથે એને જોડીને 'ભાવપતિ' (સૂત્રધાર) અર્થાત્સૃષ્ટિને ઉત્પન્ન કરનાર, તે 'ભાવપતિ' અને તેના પરથી 'ભાયતી અને તેના પરથી કાળક્રમે 'ભવાઈ' શબ્દ અસ્તિત્ત્વમાં આવ્યો હોવાની માન્યતા પ્રસ્થાપિત થઇ છે.

રસિકલાલ પરીખે 'ભાવન' (વેશ) જેનો અર્થ 'ભપકો કે સજાવટ' થાય છે. તેની સાથે આને જોડીને રસોઈ અને તેનો કરનાર 'ભવૈયો' એમ બતાવેલ છે. ડૉ. હરિવલ્લભ ભાયાણીના મતે સ્ત્રીવેશધારી નટ માટેના

Chief – Editorial Board: Prof. Ami Upadhyay, Hon'ble Vice Chancellor, BAOU, Ahmedabad.
Editor: Prof. Yogendra Parekh

'ભુકંસ' શબ્દને 'ભવાઈ' ના મૂળમાં નોંધ્યો છે. રાજસ્થાનમાં બહુરૂપી જેવી કોમ 'બહુવૈયા' કહેવાય છે એની સાથે 'ભવૈયા' શબ્દ જોડી શકાય, કેમકે 'ભવાઈ' ખરેખર તો એક નૃત્યપ્રકાર છે. કથ્થકને લગભગ મળતું નૃત્ય એમાં મુખ્ય છે. સાથે ગીત કે ગાયન તો ખરું જ. અને વાદ્યો પણ ખરાં. આ વાદ્યોમાં મુખ્ય છે 'ભૂંગળ'. 'ભૂંગળ' એ ભવાઈનો આત્મા છે, કહો કે પ્રાણ છે. એના વિના ભવાઈની કલ્પના પણ સંભવિત નથી. આમ તો ભવાઈ એ ધાર્મિક ઉપાસનાનો એક ભાગ છે. 'ભવાઈ' ના વેશોમાં ભાવન શબ્દ શક્તિમાહાત્મ્યની પૂજનવિધિ વખતે રચવામાં આવતી ગદ્યપદ્યાત્મક પ્રસંગકથાના સંદર્ભમાં અનેકવાર વપરાયો છે. ભવાઈમાં વપરાતાં કેટલાંક શબ્દપ્રયોગો સ્વતંત્ર અભ્યાસનો વિષય બની શકે તેમ છે.

**ભવાઈ અને તેના વેશોમાં વપરાતા વિશિષ્ટ શબ્દો:**

ભવાઈ વિશે જાણતા પહેલાં ભવાઈ અને તેના વેશોમાં વપરાતા વિશિષ્ટ શબ્દો કે શબ્દપ્રયોગો વિશે જાણવું રસપ્રદ બની રહે છે.

**આવણું:** વેશના પાત્રનો પડ (ચોગાન)માં પ્રવેશ થવાનો હોય કે વેશ શરૂ થતાં ગાવામાં આવતું ગાવણું.એના દ્વારા પાત્રનો પરિચય કરાવવાનો હોય ત્યારે જે માધ્યમ નો ઉપયોગ કરાય છે. તે 'આવણું' નામે ઓળખાય છે. આવણુંમાં ગીત દ્વારા પાત્ર પોતે પણ ગાઈને પોતાનો પરિચય કરાવી શકે છે.

**કરવઠું:** કર્તવ્ય, બાધા કે માનતાની ભવાઈ.

**કાંચળિયો:** સ્ત્રીપાઠ ભજવનારો ભવૈયો (ભવાઈમાં પુરુષ જ સ્ત્રીપાત્ર ભજવે છે).

**કેરબો:** ભવાઈવેશમાં થતો નાચ, આ નાચ સંગીત અને ટ્રીક (યુક્તિપ્રયોજન) સાથે થાય છે. માથે લોટા, શીશા કે બેડા મૂકી નાચ અને તેના કરનારને 'કેરબો' કહેવાય.

**કોટવાળ:** ભવાઈવેશો માટેની વસ્તુઓ લાવનાર- લઇ જનાર.

**ગઝલ:** ગઝલ એટલે પ્રેમ અને દર્દનું નિવેદન. ગઝલ ભવાઈ જેટલી જૂની છે. કેમ કે, પ્રેમગીતમાં એનો ઉપયોગથતો જોવા મળે છે. 'ઝંડા ઝૂલણ' માં આવી ગઝલોનો ઉપયોગ થયો છે.જેમ કે, ઝંડો બંદગી વેળા આ પ્રમાણે બોલે છે:

**'ભલાજી ભેદ પૂછા ખૂબ,**
**અબ યુ સબદ સુન મેહેબુબ; જો હૈ દીન કા તુ દોસ્ત.**
**મન મેં રાખીયે ના રોસ્ત;**
**સબકા એક હૈ અલા, ભલા મન હોયગા ભલા.'**

**ગાવણું:** મંદિર કે ચોરામાં ટોળાનો ઉતારોલીધા પછી ભવૈયા સાંજના ગાતા-વગાડતા ચોકમાં જાય છે. તે વેળા ગાઈને ભવાઈની ઉત્પત્તિ અને વેશોની વાત કરી ગામલોકોને કયા વેશો જોઈએ તેની પૃચ્છા કરી રાતના કયા વેશો ભજવાશે તે નક્કી કરે છે. આ આખી પ્રક્રિયાને 'ગાવણું કર્યું' એમ કહેવામાં આવે છે.

**ચટકું:** એનો મૂળ અર્થ 'છાંટો, ટીપું, ડંખ, દુઃખ' પણ ભવાઈમાં એ એક જુદી જ ક્રિયાનું નામ છે. ભવાઈના મોટા વેશોની વચમાં નાના વેશો નાચ કે અંગકસરતના પ્રયોગો વડે જોડવા એ 'ચટકું' કહેવાય છે.

**ચટકી:** મોહિની; મનમાં ચટકો લગાવે – ઉશ્કેરે તેવી મોહક ચિત્તાકર્ષક કન્યા.

**ચબોલા:** ચાબખા; ટોણાં; સામસામે મારેલાં ટોણાં; ચાર પાદનો બોલ. ભવાઈમાં સામસામી સમસ્યા માટે આ શબ્દ વપરાય છે.

**ચાચર:** મંદિરના મંડપની બહારનો ખુલ્લો ચોક. ભવાઈમાં એથી જરા જુદા અર્થમાં વપરાય છે. મંડપમાં નક્કી કરેલી ગોળાકાર જગ્યા, જેમાં ભવાઈ ભજવાય છે. જળચર, ભૂચર, ખેચર અને ચરાચર દેવીઓનો જ્યાં વાસ છે તે ચાચર, જેમાં ચોસઠ જોગણીઓ ૧૬ x ૧૬ ચારે તરફ હોય તેમ કલા(વિદ્યા) જ્યાં છે તે.

**ગોળાકાર જગ્યા:** ચાર માર્ગનું ચકલું; ગામનો ચોક, ચોરો કે શક્તિના મંદિર આગળ અથવા શેરી કે માર્ગના ચોકઠામાં ખુલ્લા કે ગામ છેવાડેના મેદાનમાં ભવાઈ ભજવવા આંતરેલી (સામૈયું કરી તલવાર કે તેલ અથવા ઘીથી ચારે તરફથી મંત્રોક્તવિધિથી પવિત્ર કરેલી) ગોળાકાર જગ્યા.

**ઝાંઝીયો:** (છબલીકા, કાંસીજોડ) વગાડનારો, ભવાઈમાં મુખ્યત્વે કાંસીજોડ જ વપરાય.

**જાતર:** મૂળ અર્થ જાત્રા, પણ અહીં એનો અર્થ દેવી પ્રીત્યર્થ ભવાઈ નો ઉત્સવ કરવો તે.

**ડુમેળિયા:** અર્થ નહિ, પ્રાસ નહિ, અનુક્રમ નહિ એવી લયવાહી પંક્તિઓ.

**થપ્પો:** બંને ભૂંગળનો સાથે ઉપયોગ કરી તબલામાં જે તે તાલમાં તે તાલનો જ જુસ્સો ઉમેરી દેવો(જેને માન આપ્યું કહેવાય). તે વેળા તબલા પાસેથી વારંવાર ભૂંગળ પાસેથી તાલ સાધવા (માત્રાના બે ભાગ કરી એક માત્રાના બીજા ભાગ પર ) જે વજન અપાય તે થપ્પો.

**થેઇકારા:** પ્રચલિત તાલમાંથી ભવાઈ વેળા 'ભલે રે ભાઈ ભાઈ, 'થઈ તા થેઈ' (થઇ ત્યાં થઇ)જેવા બોલતા બોલ તે થેઇકારા.

**દુગન:** મૂળ લયને સાચવીને મૂળ લયથી બમણી ગતિમાં ગાવું તે,

**નટાવો:** ડગલો; મશ્કરી; ભાથી; જૂઠણ; રંગલો; તરકડિયો.

**નાચ:** નૃત્ય કે તેનો જલસો.

**પખવાજી:** પખવાજ વગાડનાર; તબલચી.

**પડ:** ભવાઈ રમવા માટે મંદિર કે ચોરા આગળના મેદાનની આંતરેલી ગોળાકાર જગ્યા.

**પારસી:** (ભવૈયાઓની)સાંકેતિક બોલી.

**પુરબિયો:** ભૈયો: ઉત્તરભારતના પૂર્વભાગનો વતની.

**પેડું:** ટોળું

**ફરકલું:** સંગીતની જે તે ઢબમાં કરવામાં આવતી નાચણી

**ફનિયું:** પુરુષપાત્ર અને ચટકી સામસામે જે પદ્યાત્મક સંવાદમાં ઉતરી ચબોલા જેવી પદ્યાત્મક કડીઓ બોલે છે તે ગીત.

**ભારમો:** બ્રાહ્મણ કે બ્રાહ્મણમાં ખપે તેવો.

**ભૂંગળ:** તાંબાની છ-સાત ફૂટ લાંબી પોલી ભૂંગળી.એના છેડે પહોળું મોં હોય છે. તેને વગાડવાની જગ્યાએ એક પડજીભી હોય છે. એને ફૂંક મારવાથી વાગે છે. આ ભૂંગળની સૂરાવલી ઉપર જ પાત્રો નાચે છે. એના સૂરની બાંધણી વેશને જાણે કે સંગીતથી ભરી દે છે. ભૂંગળની જોડ હોય છે, જેમાંની નરભૂંગળમાંથી તીવ્ર અને માદાભૂંગળમાંથી મંદ સ્વર નીકળે છે.

**ભૂંગળિયો:** ભૂંગળ વગાડનારો.

**માન:** પાત્રોની ભજવણી વેળા સાખી કે ગીત પૂરું થતાં અથવા તેની પરિસ્થિતિ બદલવા કે તબલા તથા પાત્રના અવાજની પરિસ્થિતિ બદલાતાં કે બદલવા અથવા કોઈ વિશિષ્ટ પરિસ્થિતિનું નિર્માણ કરવા થપ્પા થેઈકારા વગેરે જે કરવામાં આવે છે, તેમ બંને (નર અને માદા) ભૂંગળનો ઉપયોગ કરી જે તે તાલમાં માત્રા વધારી તે તાલમાં તે તાલનો પોતાનો જ જુસ્સો ઉમેરી દેવામાં આવે છે તેને 'માન' આપ્યું કહેવાય છે.

**મૂછબંધ:** પુરુષપાત્ર ભજવનાર ભવૈયો.

**મેલણી:** ભવાઈવેશમાં પાત્ર વચ્ચેથી પ્રવેશતું હોય તો તેવો 'આવણા' ને 'મેલણી'કહે છે. બે કે વધુ પાત્રવચ્ચેનો મેળાપ એ અર્થમાં આ શબ્દ વપરાય છે.

**રંગાતારો:** પૂછનારો.

**લાછોરી:** રાજા જેવા પાત્રોના કે 'મિયા જુઠણ' જેવા વેશોમાં આવતી ચટકી જેવાં પાત્રોના ઉદ્‌ઘાટનમાં અર્ધપરદો - રંગપટ્ટી વપરાય છે તેને 'લાછોરી' કહેવાય છે. વસ્તુતઃ તે કુતૂહલનું તત્ત્વ પોષવા માટે હોય છે.

**લય:** સંગીત વગેરેમાં વપરાતી સમયની એકસરખી ગતિ. સંગીતની એકદમ ધીમી ગતિ તે વિલંબિત લય. સંગીતની વિલંબિત લય કરતાં બમણી ઝડપથી થતી ગતિ તે મધ્ય લય, અને સંગીતની મધ્યલય કરતાં બમણી ઝડપથી થતી ગતિ તે દ્રુતલય.

**વેશ:** ભવાઈમાં રાત્રી દરમ્યાન જે પ્રસંગો ભજવાય છે, તે પ્રત્યેક પ્રસંગને વેશ કહેવાય છે. તે સોંગ કે સ્વાંગ પણ કહેવાય.

**વેશગોર:** મંડળી (પેડા કે ટોળા )નો મુખ્ય નાયક, બીજો અર્થ 'વેશ કાઢનાર નટ'પણ થાય છે.

**શેક:** ભવાઈના સંગીતમાં ધ્વનિઆયોજન તેમ રસ જમાવટ માટે ભૂંગળ દ્વારા હવા બાંધીને ટુકડે ટુકડે તાલ અને લય બાંધી આપવા તેમ તેને અનુસરવા જે સૂર અપાય છે તેને ભૂંગળનો શેક કહેવાય છે.

**સામૈયું:** વાદ્યો સાથે વાજતેગાજતે માતાજીને સામે લેવા જતું ભવૈયાઓનું સરઘસ, જે માતાજીને એ રીતે વંદીને ચાચરમાં લઇ આવે છે.

**હરિયાળી:** શોભાગીત. શરૂઆતમાં અશ્લીલ લાગે પણ અર્થ પ્રગટ થતાં શોભા આપે એવા ઉખાણાં.

૧૨ મી સદીથી રચાયેલા આ સ્વરૂપમાં તત્કાલિન સામાજિક પરિસ્થિતિનો બેધડક ચિતાર આપણી આંખ સમક્ષ આવે છે. એ સમાજની ખાસિયતો, ખૂબીઓ, ખામીઓ અને જુદી જુદી જ્ઞાતિઓના વર્ણનો અને એમના ઠઠ્ઠાચિત્રણો પણ જોઈએ તેટલાં મળે છે. ભવાઈમાં નર્તન, વાદન અને અભિનયને વિશેષ મહત્ત્વ છે. ભવાઈમાં ગવાતાં ગીતો ચબોલા, રેખતા વગેરેનું સંગીત કર્ણપ્રિય હોય છે. ભવાઈમાં દેશી ઢાળોનો છૂટથી થયેલો જોવા મળે છે. દેશી રાગમાં માઢ, આશાવરી, પરજ, સોહની, બિલાવલ વગેરે આવે છે. ભવાઈના સંગીતમાં સાખી, દુહા, છંદ પણ (અને ગઝલનું પૂર્વરૂપ પણ) જોવા મળે છે. ભવાઈમાં 'ગાવણું' અને 'આવણું' નું વિશેષ મહત્ત્વ છે. દરેક પાત્ર પોતે ગાતું અને નાચતું આવે. ગાનારા 'ગાવણું' અને 'આવણું' રજૂ કરે જેમાં જે તે પાત્રને બોલાવવામાં આવતું. ભવાઈની ખાસ કલા જ આ પગલાંના ઠેકા અને નર્તનમાં સમાઈ છે. પગલાંની ચાલ સાત જાતની જોવા મળે છે. સીધી ચાલ, દોઢની આંટીની ચાલ છ છ છુમની ચાલ, ગોળ ચક્કરની ચાલુ આડથી દોઢની ચાલ, ખરેરિયો અને ચોથ ચક્કરિયો.

**ઉપસંહાર:**

અસાઇત ઠાકરે શરૂઆતમાં ધાર્મિક સ્વરૂપના, પછી ઐતિહાસિક સ્વરૂપના અને છેલ્લે સામાજિક સ્વરૂપના વેશ લખ્યા છે. આ બધા વેશો સંગીત વાદ્ય અને નૃત્ય સ્વરૂપના છે અને તેમાંનો પ્રધાન આશય મનોરંજનની સાથે લોકશિક્ષણનો રહ્યો છે. શ્રી સહજાનંદ સ્વામીએ કે શ્રી દયાનંદ સરસ્વતીએ આમવર્ગની વચ્ચે રહી જેવી સામાજિક ક્રાન્તિ કરી છે, એવી ક્રાન્તિ એમની ય પહેલાં આ ભવાઈના લોકનાટ્ય વેશો દ્વારા થવા પામી છે એમ નિ:શંકપણે કહી શકાય. સાંપ્રતમાં ભવાઇની સ્થિતિનો વિચાર કરીએ તો ખૂબ ખેદ ઉપજે એવો ખાલીપો પ્રવર્તે છે. ભવાયાઓ પોતિકો વંશપરંપરાગત વ્યવસાય છોડી અન્ય વ્યવસાયોમાં પરોવાયા છે. મોબાઈલ અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોના લીધે મનોરંજન હવે હાથવગું બની ગયું છે ત્યારે ભવાઈને પ્રેક્ષકવર્ગનો અભાવ સાલે છે. વળી ભવાઈને જે લોકાશ્રય મળતો હતો તે પણ સદંતર બંધ થઈ ગયો છે. આજે ભવાઇનું સ્વરૂપ સંપૂર્ણ મૃત:પ્રાય અવસ્થામાં છે, એ ગુજરાતી સાહિત્ય માટે ચિંતાજનક બાબત છે. સાંપ્રત સમયમાં હયાત કુશળ ભવાઈ કલાકારો અને નવોદિત કલાકારોને તાલીમ અને પ્રોત્સાહન આપવામાં આવે તો આવા માતબર સ્વરૂપને વેડફી નાખતું અટકાવી શકાય એ ચોક્કસપણે નિર્વિવાદ છે.

**સંદર્ભ:**

(૧) ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (ભાગ – ૨) પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર. આ. ૧૯૭૩.

(૨) લોકનાટ્ય-ભવાઈ, કડકિયા, કૃષ્ણકાન્ત. પ્ર. ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ- પ્ર. આ. ૧૯૯૦.

(૩) વિવેચનની વાટે, નાયક, રતિલાલ, પ્ર. આદર્શ પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. ૧૯૮૩.

(૪) ભવાઈ વિશે વિકિપીડિયા.

**ડૉ. મહેશ પ્રજાપતિ,** અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ, જિ. બનાસકાંઠા – ૩૮૫૧૩૦.

Email: mgprajapati141@gmail.com